# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા "ગીર સાવજ" ચણા, જીરૂ, ધાણા અને ઘઉં (સર્ટીફાઈડ/ ટ્રુથફુલ) બિયારણના વેચાણ બાબત

---

આથી ખેડૂતમિત્રોને જણાવવાનું કે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા રવી ૨૦૨૬-૨૭ ઋતુમાં વાવેતર માટે ચણા GJG-3, GG-5, GJG-6, GG-7, GG-8 અને GKG-1 (સર્ટિફાઈડ/ટ્રુથફૂલ), ઘઉં Lok-1, GW-513 અને GW-496 ( ટ્રુથફૂલ), ધાણા GC-4 (ટ્રુથફૂલ) અને જીરૂ GC-4 (ટ્રુથફૂલ) બીયારણ ખરીદી માટે ખેડૂતમિત્રો દ્વારા ઓનલાઈન અરજીઓ કરવામાં આવેલ. તે અરજીઓના કોમ્પ્યુટરાઈઝ રેન્ડમાઈઝેશન સીસ્ટમથી રેન્ડમાઈઝેશન બાદ પસંદગી પામેલ ખેડૂતોને આ સાથે નીચે જણાવેલ શરતોના ચુસ્તપણે પાલન કરવાની શરતે બિયારણ આપવાનું થાય છે. વધુ માહિતી માટે બીજ વિજ્ઞાન અને તકનીકી વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢનો ફોન નં.૦૨૮૫-૨૬૭૨૦૮૦-૯૦ થી સંપર્ક કરવો.

**રવી ૨૦૨૬-૨૭ ઋતુમાં વાવેતર માટે ચણા, જીરૂ, ધાણા અને ઘઉંના વેચાણ ભાવ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.**

| પાક અને જાતનું નામ | બિયારણની કક્ષા | સબસીડી સહાય વિનાનો ભાવ | સબસીડી સહાય બાદનો ભાવ |
|---|---|---|---|
| ચણા (GG-5) | સર્ટીફાઈડ | રૂ.૨૧૦૦/- પ્રતિ બેગ (૨૫ કિલો) | રૂ.૧૦૫૦/- પ્રતિ બેગ (૨૫ કિલો) |
| ચણા (GG-7, GG-8, GKG-1) | સર્ટીફાઈડ | રૂ.૨૪૦૦/- પ્રતિ બેગ (૨૫ કિલો) | રૂ.૧૨૦૦/- પ્રતિ બેગ (૨૫ કિલો) |
| ચણા (GJG-3) | ટ્રુથફૂલ | રૂ.૧૭૦૦/- પ્રતિ બેગ (૨૫ કિલો) | સબસીડી સહાય નથી |
| ચણા (GJG-6) | ટ્રુથફૂલ | રૂ.૧૬૦૦/- પ્રતિ બેગ (૨૫ કિલો) | |
| ઘઉં (Lok-1) | ટ્રુથફૂલ | રૂ.૧૪૦૦/- પ્રતિ બેગ (૪૦ કિલો) | |
| ઘઉં (GW-496) | ટ્રુથફૂલ | રૂ.૧૪૫૦/- પ્રતિ બેગ (૪૦ કિલો) | |
| ઘઉં (GW-513) | ટ્રુથફૂલ | રૂ.૧૧૦૦/- પ્રતિ બેગ (૪૦ કિલો) | |
| જીરૂ (GC-4) | ટ્રુથફૂલ | રૂ.૪૪૦/- પ્રતિ બેગ (૨ કિલો) | |
| ધાણા (GC-4) | ટ્રુથફૂલ | રૂ.300/- પ્રતિ બેગ (૨ કિલો) | |

**વેચાણનો સમય :-** સવારના ૮:૪૫ થી ૧૨:00 તથા બપોરના 3:00 થી ૫:30

**વેચાણનું સ્થળ :-** સીડ હબ ગોડાઉન,યુનિવર્સીટી ગેટ નં.-3, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ

**નોંધ :-** ઓનલાઈન અરજીની નોંધણી થયા બાદ નીકળેલ પાવતીની પ્રિન્ટ કાઢીને તેમાં અરજદારે સહી કરી તેને બિયારણ લેવા આવો ત્યારે જમા કરાવવાની રહેશે તેમજ બિયારણ લેતી વખતે અરજીમાં દર્શાવેલ પુરાવા જેવા કે આધારકાર્ડની નકલ, જમીનનો ૮-(અ) નો તાજો અસલ દાખલો (છ મહિનાથી જૂનો દાખલો ચાલશે નહીં), બેંકની પાસબુકના પ્રથમ પાનાની નકલ (અરજદારનો ખાતા નં. અને બેંકનો IFSC નંબર વંચાય તેવો હોવો જોઈએ) અરજીની પહોંચ સાથે રજુ કરવાના રહેશે. ઉપરોકત બધા પુરાવામાં ખેડૂત ખાતેદારની અટક અને નામ એક સરખા હોવા જરૂરી છે. જો ફેરફાર હશે તો અરજી માન્ય ગણવામાં આવશે નહીં.

## "ગીર સાવજ" ચણા, જીરૂ, ધાણા અને ઘઉં (સર્ટીફાઈડ/ ટ્રુથફુલ) બિયારણના મેળવવા માટેની શરતો

1. માન્ય અરજીવાળા ખેડૂત અરજદારભાઈઓને બિયારણ કઈ તારીખે લેવા આવવું તેની માહિતી આપના દ્વારા અરજીમાં નોંધવામાં આવેલ મોબાઈલ નંબર પર SMS થી જાણ કરવામાં આવશે. તથા લીસ્ટ PDF file online યુનિવર્સીટીની વેબસાઈટ પર મુકેલ હશે તે જોઈ લેવી. SMS ન મળેલ હોય અને PDF file માં ખેડૂતનું નામ હોય તો તેમાં જણાવેલ તારીખમાં બિયારણ લેવા આવી શકે છે.
2. બિયારણ ખરીદી માટે અરજદારને ફાળવવામાં આવેલ તારીખે જ બિયારણ મળશે. એટલે કે અરજદારને જે તારીખો બિયારણ લેવા આવવા માટે ફાળવવામાં આવેલ હોય તે તારીખો એજ લઈ જવાનું રહેશે. ફાળવવામાં આવેલ તારીખો એજ ખેડૂત બિયારણ ખરીદવા નહિ આવે તો તેનો દાવો રદ ગણવામાં આવશે અને ત્યારબાદ યાદી મુજબ ક્રમમાં આવતાં અન્ય ખેડૂતને તેનો લાભ મળશે.
3. ખેડૂતમિત્રોએ અરજીમાં જે જાત માટે ઓનલાઈન અરજી કરી હશે તેજ જાતનું બિયારણ આપનો નંબર આવે ત્યાં સુધી અથવા જથ્થો ઉપલબ્ધ હશે ત્યાં સુધી આપની ઓનલાઈન અરજી મુજબ બે હેક્ટર જમીનની મર્યાદામાં વધુમાં વધુ ચણામાં ૫ બેગ (૧૨૫ કિ.ગ્રા.), જીરૂમાં ૫ બેગ (૧૦ કિ.ગ્રા.), ધાણામાં ૧૦ બેગ (૨૦ કિ.ગ્રા.) અને ઘઉંમાં ૧૦ બેગ (૪૦૦ કિ.ગ્રા.) મુજબ મળવાપાત્ર થશે.

**તારીખ:-** ૧૫/૧૦/૨૦૨૬

**સ્થળ:-** જૂનાગઢ

**પ્રાધ્યાપક અને વડા**
બીજ વિજ્ઞાન અને તકનીકી વિભાગ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી
જનાગઢ-૩૬૨૦૦૧